## મોડાસા પાલિકાનું ભરતી પ્રકરણ, ૧૨ કર્મચારીઓને છૂટા કરવા ઉપર કોર્ટનો સ્ટે..!!

બાયડ તા.૧૧

મોડાસા નગરપાલિકામાં વર્ષ-૨૦૨૧૨માં ભરતી થયેલા કર્મચારીઓની ભરતી ગેરકાયદેસર હોવાનું જણાવી નગરપાલિકાઓ ગાંધીનગર ઝોન પ્રાદેશિક કમિશનર દ્વારા ભરતી પ્રક્રીયા રદ કરાતાં સનસનાટી મચી હતી. હુકમથી નારાજ કર્મચારીઓએ ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા જ્યાં કોર્ટે સ્ટે આપ્યાનું જાણવા મળ્યું છે.

મોડાસા નગરપાલિકામાં અગાઉના વર્ષોમાં કર્મચારીઓની ભરતી કરવામાં આવી હતી અને ભરતી ગેરકાયદેસર હોવા બાબતે ફરિયાદ થઈ હતી. ત્યારે લાંબા સમય પછી વિભાગ દ્વારા મોડાસા પાલિકામાં થયેલી ભરતીને ગેરકાયદેસર ઠેરવતાં સનસનાટી મચી હતી. ભરતી પ્રક્રિયા રદ કરવાના હુકમ સામે વાંધો હોય તો ૩૦ દિવસમાં અપીલ કરવા સક્ષમ અધિકારી દ્વારા છૂટ આપવામાં આવી હતી. પરંતુ ભરતી રદ થતાં કર્મચારીઓ રજા ઉપર ઉતરી ગયા અને એડવોકેટ મારફતે ન્યાય માટે કોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા જ્યાં કોર્ટ દ્વારા સ્ટે આપવામાં આવ્યો છે.

## બોર્ડનો આદેશ : ઉત્તર ગુજરાતમાં આચાર્યોને માર્કશીટ ન આવે ત્યાં સુધી ધો.૧૧માં પ્રવેશ ન આપવો..!!

### ઓનલાઈન સેમીનારથી માર્કશીટ અંગે માર્ગદર્શન આપ્યું

બાયડ તા.૧૧

રાજ્યના શિક્ષણ ઈતિહાસમાં ધો.૧૦ની બોર્ડ પરીક્ષા આપનારા તમામ છાત્રો પાસ કરી દેવાની ઐતિહાસિક ઘટના નોંધાઈ છે. અનેક શાળાઓમાં ધો.૧૧માં પ્રવેશ બાબતે અંધાધૂંધી સજાઈ શકે છે ત્યારે બોર્ડે ધો.૧૦ની માર્કશીટ ન આવે ત્યાં સુધી ધો.૧૧માં કોઈપણ વિદ્યાર્થીને પ્રવેશ ન આપવા તમામ ડી.ઈ.ઓ. અને શાળાના આચાર્યોને આદેશ કર્યો છે. ઓનલાઈન સેમીનાર દ્વારા ધો.૧૦ની માર્કશીટ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

આમ તો ધો.૧૦ બોર્ડ પરીક્ષા કોઈપણ સંજોગોમાં પાસ ન કરી શકે તેવા વિદ્યાર્થીઓ માટે વર્ષ-૨૦૨૧ નું વર્ષ શુકનિયાળ બન્યું. કોરોનાના કારણે બે વખત બોર્ડ પરીક્ષાનું આયોજન પાછું ઠેલાયું છેવટે સરકાર દ્વારા બોર્ડ પરીક્ષા નહીં યોજવાનો નિર્ણય કરી તમામ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાનું નક્કી કરાતાં સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાની શાળાઓના ૧.૩૫ લાખથી વધુ રેગ્યુલર છાત્રોને ધો.૧૦માં ઉત્તિર્ણ કરી ધો.૧૧માં પ્રવેશ માટે લાયક ઠેરવવામાં આવ્યા છે. કેટલીક શાળાઓમાં તો ધો.૧૧ નો પ્રવેશ શરૂ થયો છે જેથી સફાળા જાગેલા માધ્યમિક શિક્ષણ બોર્ડે ઓનલાઈન સેમીનાર દ્વારા જ્યાં સુધી ધો.૧૦ ની માર્કશીટ ન આવે ત્યાં સુધી ધો.૧૧માં પ્રવેશ ન આપવા સૂચના આપી છે. ધો.૧૦ની માર્કશીટનું માર્ગદર્શન અપાયું પરંતુ ધો.૧૨ ની માર્કશીટ અંગે કોઈ માર્ગદર્શન ન મળતાં આચાર્યો અને વર્ગ શિક્ષકો પણ મૂંઝાયા છે.



### ઇડર પોલીસ દ્વારા કોંગ્રેસ કાર્યકર્તાઓની અટકાયત કરાઈ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ના આદેશ ને લઈ આજે સમગ્ર ગુજરાત મા પેટ્રોલ અને ડીઝલ ના ભાવ વધારા સામે વિરોધ પ્રદર્શન કરવાંમા આવ્યું છે .ત્યારે ઈડર તાલુકા અને શહેર કોંગ્રેસ દ્વારા આજે ઈડર માં વિરોધ પ્રદર્શન કારવામા આવ્યું હતું.પરંતુ વિરોધ પ્રદર્શન કરાય તે પહેલાં જ ઈડર પોલીસે ઈડર આરામ ગૃહ થી પોલીસે કાર્યક્રમ પહેલા વિરોધ પ્રદર્શન અટકાવ્યું હતું. જેમાં ૩૦થી વધુ કોંગ્રેસી કાર્યકરોની પોલીસે અટકાયત કરી હતી.વિરોધ પ્રદર્શન પહેલા જ અટકાયત કરાતા પોલીસ અને કોંગ્રેસી કાર્યકરો વચ્ચે શાબ્દિક બોલાચાલી થવા પામી હતી જેને લઈને મામલો ગરમાયો હતો.

## હાશ યાત્રાધામો ખૂલ્યાં

## સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના પ્રવાસ આયોજકો ખુશખુશાલ

### કોરોના કાળમાં ઠપ્પ થયેલ પ્રવાસનને વેગ મળશે

રાજ્યમાં કોરોનાનું સંક્રમણ ઘટતાં સરકારે અનલૉક અમલી બનાવવા માટેનું મન બનાવી લીધું છે. સરકારી ગાઈડલાઈન સાથે હોટલ, રેસ્ટોરન્ટ શરૂ કરવાની પરવાનગી આપ્યા પછી પ્રસિદ્ધ યાત્રાધામો ખુલ્લાં થતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના પ્રવાસન આયોજકો ખુશખુશાલ બન્યા છે. કોરોનાકાળમાં પ્રવાસન વ્યવસાય સંપૂર્ણપણે ઠપ્પ થઈ જતાં આયોજકો આર્થિક ભીંસમાં આવી ગયા હતા પરંતુ હવે મોટાભાગના યાત્રાધામો દર્શનાર્થીઓ માટે ખુલ્લાં મૂકવામાં આવતાં પ્રવાસન વ્યવસાયને વેગ મળવાની આશા છે. યાત્રાધામ ખૂલ્યા પછી સ્થાનિક વેપારીઓને પણ સારી રોજગારી મળી શકે છે.

કોરોનાની બીજી લહેર અત્યંત ઘાતક સાબિત થઈ છે. સંક્રમણથી મૃત્યુ આંક ઉંચકાતાં સરકારને પર્યટક સ્થળો ઉપર પાબંધી લગાવવાની સાથે મોટા યાત્રાધામોના દ્વાર બંધ કરવાની ફરજ પડી હતી. માર્ચ-એપ્રિલ મહિનામાં સંક્રમણ વધુ બેકાબુ બનતાં મોટા યાત્રાધામો દર્શનાર્થીઓ માટે બંધ કરાયાં હતાં પરંતુ હવે સરકાર દ્વારા તેમાં છૂટછાટ આપવામાં આવી છે. ખાસ માર્ગદર્શિકા અનુસાર ધાર્મિક સ્થળો શરૂ કરવામાં આવતાં છેલ્લા બે મહિનાથી ઠપ્પ થયેલા પ્રવાસન વ્યવસાયને નવું જોમ મળી શકે છે. બંન્ને જિલ્લામાં અસંખ્ય પ્રવાસ આયોજકો કોરોનાના કપરા કાળમાં અત્યંત મુશ્કેલ ભરી સ્થિતિમાં મૂકાઈ ગયા હતા. પ્રવાસના એડવાન્સ બુકીંગ રદ બાતલ થઈ ગયાં હતાં અને આયોજકોને ડિપોઝીટ પેટે લીધેલા નાણાં પણ પરત આપવાની નોબત આવતાં કેટલાક પ્રવાસ આયોજકોએ તો ઘરનું ગુજરાન ચલાવવા માટે અન્ય ધંધા-રોજગાર શરૂ કરવા પડે તેવી સ્થિતિ ઉદ્‌ભવી હતી પરંતુ હવે કોરોનાનું સંક્રમણ મોટાભાગના વિસ્તારોમાં ઘટતાં સરકારે પ્રવાસન સ્થળો ખોલવાની મંજૂરી આપી છે. જિલ્લામાં શામળાજી ઉપરાંત રાજ્યના પ્રસિદ્ધ યાત્રાધામ પૈકી અંબાજી સહિતના મોટા યાત્રાધામો ફરીથી ધમધમતાં થતાં બંન્ને જિલ્લાના પ્રવાસ આયોજકોએ રાહતની લાગણી અનુભવી છે.

## બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખ, ઘનશ્યામભાઈ પટેલની પસંદગી

### બાયડના સ્થાનિક સમીકરણોને ધ્યાને લેવાયા, કાર્યકરોમાં ખુશાલી

બાયડ તા.૧૧

બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખ કોણ બનશે..?? સાડા ત્રણ મહિનાથી ચાલતી અનેક અટકળોનો અંત આવ્યો. દાદાના હુલામણા નામથી જાણીતા ઘનશ્યામભાઈ જી. પટેલની સંગઠન પ્રમુખ તરીકે નિયુક્તિ થતાં બાયડનગરમાં વર્ષ-૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી જીતી હોય તેવી ખુશાલી અત્ર, તત્ર, સર્વત્ર જોવા મળી. બાયડના સ્થાનિક સમીકરણોને ધ્યાને લેવાયા છે. તમામ કાર્યકરો અને સમાજમાં પ્રથમવાર વ્યાપક ખુશાલી જોવા મળી.

જિલ્લાની રાજકીય પ્રયોગશાળા ગણાતા બાયડમાં છેલ્લા કેટલાક સમયથી ભાજપ સંગઠન પ્રમુખને લઈને મામલો ગરમાયો હતો. કમલમ્‌માં સીધી રજુઆત અને કેટલાક ભાજપના કાર્યકરોને ખરાબ ચિતરવાના પ્રયાસ થયા. પરંતુ પ્રદેશ



નેતાગીરીએ બાયડમાં યોગ્ય કરીશું તેવી હૈયાધારણા આપી. ગત રોજ પ્રદેશ કક્ષાએથી અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠનની ખાલી જગાઓ માટે હોદ્દેદારોની પસંદગી કરવામાં આવી જે મુજબ જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલે સંગઠન હોદ્દેદારોના નામ વિધિવત જાહેર કર્યા. બાયડ પાલિકામાં વર્ષ-૨૦૧૬ થી અત્યાર સુધી સક્રીય ભૂમિકા ભજવી ભાજપનો ભગવો લહેરાવવામાં સિંહફાળો હતો તેની ફરી એકવાર કદર કરી ઘનશ્યામભાઈ પટેલને સંગઠન પ્રમુખ તરીકે પસંદ કર્યા હતા. બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, કારોબારી અધ્યક્ષ પ્રવિણ પટેલ, પક્ષના નેતા અરવિંદભાઈ પ્રજાપતિ, દંડક ભાવનાબેન જોષી, બાયડ પાલિકા પૂર્વ ઉપપ્રમુખ ભલુભાઈ પટેલ સહિત ભાજપના તમામ કોર્પોરેટરો અને ભાજપના સ્થાનિક-જિલ્લાના આગેવાનોએ તેમને અભિનંદન પાઠવ્યા હતા.

## ઉત્તર ગુજરાતમાં ધો.૧ થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે ૧ મહિનાનો જ્ઞાનસેતુ બ્રીજ કોર્સ શરૂ

### ૯ લાખ વિદ્યાર્થી, ૪૦,૦૦૦ શિક્ષકો ઉપર ટેકનોલોજી મારફતે નજર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

નવા શૈક્ષણિક સત્રનો આરંભ થયો છે તા.૧૦ જૂનથી ઉત્તર ગુજરાતની ૧૬,૦૦૦થી વધુ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ૯ લાખ વિદ્યાર્થી, ૪૦,૦૦૦ શિક્ષકો ઉપર જ્ઞાનસેતુ બ્રીજ કોર્સ શરૂ થતાં ટેકનોલોજી મારફતે નજર ટેકવી દેવામાં આવી છે. ગાંધીનગરમાં અદ્યતન ટેકનોલોજી યુક્ત કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમ શરૂ કર્યો છે. ૧૦ જુલાઈ સુધી જ્ઞાનસેતુ બ્રીજ કોર્સ કલાસ રેડીનેશ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. જેનો હેતુ વિદ્યાર્થીઓને આગલા ધોરણનો અભ્યાસ કરાવવાનો છે.

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા શૈક્ષણિક સંસ્થાઓ શરૂ થઈ એ સાથે જ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ, વિદ્યાર્થીઓની હાજરી, શિક્ષક સજ્જતાને ટેકનોલોજીના માધ્યમથી આવરી લેવાનો નિર્ણય કરી ગાંધીનગરમાં કમાન્ડ એન્ડ કંટ્રોલરૂમ શરૂ કરાયો છે. જેનો મુખ્ય હેતુ શિક્ષણની ગુણવત્તા વધુ ઉંચાઈ ઉપર લઈ જવાનો પ્રયાસ છે. સરકાર દ્વારા રીયલ ટાઈમ મોનિટરીંગ પ્રાથમિકથી લઈને હાયર એજ્યુકેશન સુધી ૧૦૦ ટકા પ્રવેશ, શૂન્ય ટકા ડ્રોપઆઉટ રેસિયાના નિર્ધાર સાથે ગુણોત્સવ અને શાળા પ્રવેશોત્સવ જેવા કાર્યક્રમોને અદ્યતન ટેકનોલોજી સાથે જોડવામાં આવ્યા છે. સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાના કુલ-૪૭ તાલુકાની ૯૦૦૦થી વધુ સરકારી પ્રા.શાળા, સરકારી અને ગ્રાન્ટેડ મા. અને ઉ.મા. શાળાઓને જ્ઞાનસેતુ બ્રીજ કોર્સ કલાસ રેડીનેશ સાથે જોડવામાં આવ્યા છે. જેમાં ધો.૧ થી ૧૦ના ૯ લાખ વિદ્યાર્થીઓ અને તેમને ઓનલાઈન શિક્ષણ આપતા પ્રાથમિક અને મા.,ઉ.મા. શાળાના કુલ ૪૦,૦૦૦ શિક્ષકો ઉપર ટેકનોલોજી મારફતે નજર રાખવાનો મૂળ હેતુ હોવાનું જાણવા મળ્યું છે.

## બનાસકાંઠામાં આરોગ્ય વિભાગમાં વર્ગ -૩ ની ભરતી કરવા માંગ

સરહદી બનાસકાંઠા જિલ્લામાં આરોગ્ય વિભાગ હસ્તકની વર્ગ-૩ની સીધી ભરતી કરવાની માંગ સાથે ઉમેદવારોએ ડી.ડી.ઓ.ને આવેદનપત્ર આપ્યું હતું. જેમાં માંગ નહિ સંતોષાય તો આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવામા આવી છે.

સરહદી બનાસકાંઠા જિલ્લા પંચાયત વિભાગની આરોગ્ય શાખાની વર્ગ -૩ ની સીધી ભરતીની માંગ સાથે ઉમેદવારો આજે પાલનપુર દોડી આવી ડીડીઓ કચેરીએ પહોંચ્યા હતા. જ્યાં તેઓએ સ્ઉઁઉ અને હ્વઉઁઉ વર્ગ -૩ની સીધી ભરતી કરવાની માંગ કરી હતી.

## કુંવારી યુવતી ગર્ભવતી બની : અરવલ્લીમાં ગર્ભપાતની દવા લીધા પછી યુવતીનું મોત

### ભિલોડા પોલીસે એડી નોંધી તપાસ આરંભી, ડૉક્ટર-કેમીસ્ટ સાણસામાં આવશે..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

ભર યુવાનીમાં જાતિય આવેગમાં આવી ખોટું કામ કર્યું હોય તો તેનાં પરિણામ ગંભીર હોય છે. ભિલોડાના ગ્રામ્ય વિસ્તારમાં કુંવારી યુવતી ગર્ભવતી બની, સમય જશે તો પાપનો ઘડો ફૂટી જશે તેવી આશંકાએ ગર્ભના નિકાલ માટે ક્યાંકથી દવા લઈ આવી અને તેનું સેવન કર્યું ત્યારબાદ ખેંચ આવતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી જ્યાં સારવાર દરમ્યાન મોત નિપજતાં ગર્ભપાતની દવા યુવતી માટે મોતનું કારણ બની છે. હિંમતનગર સિવિલ હોસ્પિટલના ડૉ.કે.બી.પરમારની ખબરના આધારે ભિલોડા પોલીસે એડી નોંધી તપાસ હાથ ધરી છે.

ભ્રૂણ પરીક્ષણ અને ગર્ભપાત ઉપર પ્રતિબંધ હોવા છતાં જિલ્લાના અનેક ક્લિનીકોમાં ગેરકાયદે પ્રવૃત્તિની હાટડીઓ ધમધમી રહી છે. ખાસ કરીને આદિવાસી વિસ્તારોમાં આવી પ્રવૃત્તિઓએ માજા મૂકી દીધી છે. પ્રેમ સબંધ બંધાયા પછી અનેક કુંવારી યુવતીઓ ગર્ભવતી બને છે. પકડાઈ જવાની બીકે ખાનગી દવાખાના કે ઉંટવૈદ્ય પાસે જઈ ગર્ભનો નિકાલ કરે છે. કેટલાક કિસ્સાઓમાં યુવતીના મોત નિપજે છે કાં તો શરીરના અન્ય અંગોને નુક્સાન પહોંચતું હોય છે. કેટલાક કિસ્સાઓમાં આવી યુવતીઓ ફરીથી ક્યારેય પણ માતૃત્વ ધારણ કરી શકતી નથી. ભિલોડાના ગ્રામ્ય વિસ્તારની ૨૦ વર્ષિય યુવતી ગર્ભવતી બની, દિવસ જાય તેમ તેની ચિંતા વધવા લાગી, પેટમાંના ગર્ભને દૂર કરવા માટે ક્યાંકથી ગર્ભપાતની દવા લીધી પરંતુ તેની આડઅસર થતાં સારવાર માટે હિંમતનગર ખસેડવામાં આવી હતી જ્યાં સારવાર દરમ્યાન મોત નિપજ્યું છે. ભિલોડા પોલીસ બનાવને ગંભીરતાપૂર્વક લઈ તપાસ કરશે ખરી..?? કે પછી મામલો રફે દફે કરી દેશે. ગર્ભપાતની દવાના વેચાણ અને રાખવા ઉપર પ્રતિબંધ હોવા છતાં મૃતક યુવતીએ આવી પ્રતિબંધિત દવા કયા ડૉક્ટર કે કેમીસ્ટ પાસેથી લીધી તેની તપાસ પણ જરૂરી છે.

### કોલ ડીટેલ્સના આધારે પ્રેમ પ્રકરણની તપાસ : પી.આઈ.

અરવલ્લીના ગ્રામ્ય વિસ્તારમાં યુવક સાથેના અનૈતિક સબંધોમાં ગર્ભવતી થયેલી યુવતીનું ગર્ભ નિકાલ કરવા જતાં મોત નિપજવાની ચકચારી ઘટના બહાર આવી છે. ભિલોડા પી.આઈ., એમ.જી.વસાવાનો સંપર્ક કરતાં પોલીસે હાલ એડી નોંધી તપાસ શરૂ કરી છે જેમાં યુવતીના મોબાઈલ ફોનના આધારે પ્રેમ પ્રકરણની તપાસ થશે તેમ જણાવ્યું હતું. યુવતીના મોત બાદ કોને યુવતીને ગર્ભવતી બનાવી તે દીશામાં પોલીસ મક્કમતાથી આગળ વધી રહી છે અને આગામી સમયમાં કોલ ડીટેલ્સથી મોટો ઘટસ્ફોટ થઈ શકે છે.

## શિક્ષણ મંત્રીની સંવેદના : માલપુરમાં વિજ કરંટથી મૃત્યુ પામનાર જીવદયા પ્રેમી પરિવારને ૧૧,૦૦૦ની સહાય

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાની સંવેદના જગજાહેર છે. ગરીબો અને તેમના પરિવારની દયાજનક હાલત જોઈને અનેક વખત ભાવુક થયા છે. ગત રોજ અરવલ્લી જિલ્લાના માલપુરમાં



વિજવાયરમાં ફસાયેલ પક્ષીને બચાવવા જતાં જીવદયા પ્રેમી દિલીપભાઈ વાઘેલાનું વિજ કરંટથી મોત નિપજતાં પંથકમાં શોક છવાયો છે. અખબારમાં આવેલા અહેવાલ વાંચી શિક્ષણ મંત્રીએ મૃતક જીવદયા પ્રેમીના પરિવારને રૂા.૧૧,૦૦૦નો ચેક અરવલ્લી કલેક્ટરને મોકલી આપી પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે તેમજ મૃતકના ૩ બાફકો અને પરિવારની આર્થિક સ્થિતિ નબફી હોવાથી જિલ્લાની પ્રજાને ફુલ નહીં તો ફુલની પાંખડી રૂપે મદદ કરવા તેઓએ અપીલ કરતાં જીવદયા પ્રેમી પરિવારને અનેક લોકો તરફથી મદદ શરૂ થઈ છે.

## કાર્યકરોની કદર : અરવલ્લી જિલ્લા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ નેહાબેન પટેલની પસંદગી

### બાયડના રાહુલપૂરી ગોસ્વામીની જિલ્લા સંગઠન મંત્રી તરીકે તાજપોષી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

ભાજપના પાયાના કાર્યકરોની સમય આવે કદર થતી હોય છે ફરી તે સિદ્ધ થયું છે. નવરચિત અરવલ્લી જિલ્લા પંચાયતના પ્રથમ પ્રમુખ નેહાબેન હરેશભાઈ પટેલ(રડોદરા)ની પ્રદેશ સંગઠન દ્વારા અરવલ્લી જિલ્લા ભાજપ મહિલા મોરચા પ્રમુખ તરીકે પસંદગી થતાં ૬ તાલુકાના ભાજપ મહિલા કાર્યકરોમાં ખુશાલી જોવા મળી. જ્યારે ટેકનોસેવી, દિવસ-રાત પક્ષને મજબૂત કરવાનું કામ કરી રહેલા બાયડના રાહુલપૂરી જી. ગોસ્વામીની જિલ્લા ભાજપ સંગઠન મંત્રી તરીકે પસંદગી થતાં સમગ્ર બાયડ તાલુકામાં ખુશાલી



જોવા મળી.

ગત ફેબ્રુઆરી-૨૦૨૧માં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત



અને નગરપાલિકાની સામાન્ય ચૂંટણી યોજાઈ જેમાં જ્ઞાતિગત સમીકરણો ધ્યાને લેવાયાં અને કેટલાક સક્ષમ કાર્યકરોને ટીકીટ મળી ન હતી. પ્રદેશ પ્રમુખ દ્વારા જાહેરમાં કહેવામાં આવ્યું હતું કે સમય આવે દરેક કાર્યકરની યોગ્ય રીતે કદર થશે. જેમને પક્ષે ટીકીટ આપી છે તે જ સક્ષમ હતા તેવું માનવાનું કારણ નથી..!! ગત રોજ ગુજરાત પ્રદેશ કક્ષાએથી અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠનમાં વિવિધ મોરચા તેમજ ચૂંટણી લડેલા સંગઠન હોદ્દેદારોના રાજીનામાં લેવામાં આવ્યા હતા તેમની ખાલી જગ્યા ઉપર સંગઠન હોદ્દેદારોની નિયુક્તિ કરવામાં આવી. જિલ્લા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ તરીકે નેહાબેન પટેલની પસંદગી કરવામાં આવી છે. જ્યારે મહામંત્રી પ્રિતીબેન ઠેકડી(ધનસુરા), હીનલબેન ઠાકર(મોડાસા)ની નિયુક્તિ કરાતાં તમામ નવા સંગઠન હોદ્દેદારોએ અરવલ્લી જિલ્લામાં ભાજપ મહિલા મોરચા સંગઠનને મજબૂત બનાવવાનો ઈરાદો વ્યક્ત કર્યો છે.

### વિવિધ મોરચાના પ્રમુખ-મહામંત્રી

| | | |
|---|---|---|
| બક્ષીપંચ મોરચો | : | સુરેશભાઈ કાળાભાઈ ઠાકોર, પ્રમુખ |
| | | આશિષ ધનવંતરીભાઈ જયસ્વાલ, મહામંત્રી |
| | | રંગુસિંહ ભીખુંસિંહ પરમાર, મહામંત્રી |
| કિસાન મોરચો | : | અશ્વિનભાઈ પરસોત્તમભાઈ પટેલ, પ્રમુખ |
| | | જયદીપસિંહ જશવંતસિંહ રાઠોડ, મહામંત્રી |
| | | રમેશભાઈ કોદરભાઈ પટેલ, મહામંત્રી |
| અનુ.જાતિ મોરચો | : | દિનેશભાઈ કલ્યાણભાઈ સોનેરી, પ્રમુખ |
| | | યોગેશભાઈ હરીહરભાઈ બુદ્ધ, મહામંત્રી |
| | | પ્રજ્ઞેશભાઈ બાબુભાઈ વાઘેલા, મહામંત્રી |
| અનુ.જનજાતિ મોરચો | : | પ્રકાશભાઈ ડાહ્યાભાઈ નિનામા, પ્રમુખ |
| | | બળવંતભાઈ ધનજીભાઈ ભોઈ, મહામંત્રી |
| | | ડૉ.રાકેશભાઈ બાબુભાઈ બોડાત, મહામંત્રી |
| લઘુમતી મોરચા | : | મહમદભાઈ શેરભાઈ કુરેશી, પ્રમુખ |
| | | સફીભાઈ પીરભાઈ મનસૂરી, મહામંત્રી |
| | | કાસમભાઈ અલીમહંમદ મિસ્રી, મહામંત્રી |

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧